સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

પ્રચાર ના પૂરમાં બધા ધોવાઇ જાય છે,
ને 'વચનો' સાંભણી બધા લેવાઇ જાય છે,
હવાઇ જાય છે સમયની ઝાકળ પછી -
છતાં રહે નવાઇ, જયાં જાય, છવાઇ જાય છે.

હાઈકુ

મિલાવ્યા હાથ,
ને કર્યું ખંધુ સ્મિત -
બોલ્યા મનમાં..
(-અરનિયામાં કેમનું રહ્યું?!)
- નવાઝ શરીફ

કરંડિયામાં -
રહેતા ન સખણા,
સત્તાના સાપ..
(ફરી વિસ્તરણ?!)

ચિંતન

શ્રુતિ સ્મૃતિ ત્યુક્ત મા ચારં ન ત્યજે ત્સાધુ સેવિતં ।
દૈત્યા નાં શ્રી વિયોગો અભિત્સત્ય ધર્મ ક્રિયાંમુયામ્ ॥

સત્પુરૂષો-સજ્જન અને વિચારવાન લોકોએ સંત-મહાત્મા જેવા પુરૂષોએ સેવેલા શ્રુતિ-સ્મૃતિ-ના કથિત આચાર-વિચારનો કદાપિ ત્યાગ કરવો નહીં.

સત્ય-ધર્મ-અને ઉત્તમ પ્રકારનાં આચરણથી પ્રાપ્ત થયેલી વિદ્યાઓ-શક્તિઓ અને સિદ્ધિઓ-પછીથી છોડીનેય દૈત્યો-રાક્ષસો ઐશ્વર્ય-સત્તા-સમૃદ્ધિથી નાશ પામ્યા છે.'

રાવણ-દુર્યોધન જેવા વિદ્વાન-જ્ઞાની લોકોને પણ શક્તિ-મંત્ર સિદ્ધિઓ મળી ગયા પછી બહેકી જઇ ધર્માચરણનો ત્યાગ કરી સર્વસ્વ અન્યાય અને અસત્યથી પ્રાપ્ત કરવાના પ્રયાસથી અંતે તો નાશ જ પામ્યા હતા.

માટે, ધર્માચરણ અને સત્યનો રસ્તો ગમે તેટલી ઉન્નતી થાય પછી પણ મદ-અભિમાનમાં આવી જઇ છોડવો નહીં.

સુવિચાર

- મૈ ખુદા કા બંદા હોતા, અગર ઇમાન મેરા જીંદા હોતા - અકબર રામપુરી
- તમારુ ચરિત્ર જ એક પાયો છે જેના પર જીંદગીની પૂરી ઇમારત સ્થિર ઊભી રહે છે - મૃગેશ વૈષ્ણવ
- કાળની સાથે કર્યો છે વાયદો, ચાલશે ના ત્યાં કશોયે કાયદો, કામ કરવાનું છે 'શયદા' આજે જ કર, કાલની વાતો કરે શો ફાયદો - શયદા
- પોતે 'ઈર્ષાળુ' ના હોવાની વાતથી પોરસાતી દરેક વ્યક્તિએ સંબંધમાં 'પ્રેમ' જીવંત છે કે નહીં તેની ખાતરી અચૂક કરી લેવી - હંસલ ભચેચ
- સાધારણ દેખાતા લોકો શ્રેષ્ઠ હોય છે અને આના કારણે જ ઇશ્વરે આવા સાધારણ દેખાતા લોકોની સંખ્યા જ સૌથી વધારે રાખી છે - લિંકન
- સુખ એટલે સારી કમાઇ, સારુ ભોજન અને સારુ સ્વાસ્થ્ય - એસ. ભટ્ટાચાર્ય
- વેડફીને ઝંખતા રહેવા કરતાં બચાવો અને માણો - સંત રોબિન

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આપણા વડાપ્રધાનશ્રીએ 'ચા'ની ચૂસકી આખો દેશને વશ કરી લીધો જાપાનની 'ટી-સેરીમની' વિશ્વ વિખ્યાત છે. અહીં મહેમાનો-કુટુંબીજનો સાથે 'ચા' પીવાના મિલન સમારંભ યોજાય છે. આમાં ચા પીવાની રીતની પરખ-કસોટી થઇ જાય છે. આપણે ત્યાં ઘણા લોકો એવડો મોટો 'સબડકો' લઇ ચા પીવે છે આજુબાજુ વાળાના કાને ધાક આવી જાય.

- એટલે જાપાનમાં સારી રીતભાર (મેનર)થી 'ચા' પીવાનું શીખવાડવા ખાસ ટ્રેનિંગ ક્લાસ ચાલે છે. એમાં 'સુઝુકી રોઝી' ના ક્લાસ પ્રખ્યાત છે. દેશ-વિદેશથી લોકો ચા પીવાની રીત શીખવા અહીં આવે છે.

એક તાલીમ વિદ્યાર્થીએ (અમેરીકન) પુછ્યું - સર, જાપાન આટલો બધો સમુદ્ધ દેશ છે છતાં આવા તદ્દન પાતળા અને કાગળના ચાના કપ કેમ બનાવે છે? પકડતાં તૂટી જાય અને વધારે વખત ગરમ ચા રહે તો પીગળી જવાનો પણ પૂરો સંભવ છે!

સુઝુકીએ સ્મિત સાથે કહ્યું, તમારું નિરીક્ષણ સાચું છે અહીં એટલી બધી ચા પિવાય છે કે (લાલુની જેમ) માટીના, પ્લાસ્ટીક કે કાચના કપ વાપરીએ તો તેનો કચરો કેટલો બધો થાય, પર્યાવરણને નૂકશાન કરે - જયારે આ કપથી તો ઉમદા વનસ્પતિનું ખાતર થાય છે..

(પર્યાવરણ આપણને અનુકૂળ નહીં જ થાય તમારે જ પર્યાવરણને અનુકૂળ થવું જ પડશે)

Email - sureshchandrabhatt18@gmail.com

કર્મશક્તિ અને ઇચ્છાશક્તિ પ્રાપ્ત કરો, કઠિન પરિશ્રમ કરો તો તમે નિશ્ચિતરૂપે સફળતાના લક્ષ્ય પર પહોંચી જશો

દુનિયામાં એવો કયો માણસ હશે જે સફળતા નહીં ઇચ્છતો હોય! પરંતુ આપણે જાણીએ છીએ કે, બધા જ માણસો જીવનમાં સફળતા મેળવી શકતા નથી. કેટલાંક માણસો જીવનભર નિષ્ફળતા મેળવીને દુઃખી થતાં હોય છે. કિન્તુ એનો અર્થ એવો નથી કે, સફળતાનાં શિખર સર ન જ કરી શકાય. સફળતાનાં શિખર સર ન જ કરી શકાય. સફળતા મેળવવી દુષ્કર ભલે હોય, પરંતુ તેને પણ ચોક્કસ નિયમો હોય છે અને તેને અનુસરવાથી જીવનમાં અવશ્ય સફળતા પામી શકાય છે. પ્રત્યેક મનુષ્યને પોતાનું લક્ષ અને તે સાધવાની શક્તિ ઇશ્વરે આપેલી જ છે.

યુવાન મિત્રો, એટલું જરૂર યાદ રાખશો કે, આજ સુધી તમને તમારા કાર્યમાં નિષ્ફળતા મળી છે. તેઓ અર્થ કદાપિ એ નથી કે તમને સફળતા મળશે જ નહીં. ગમે તેવી અંધકારવાળી રાત્રિ બાદ સૂર્યોદય નિશ્ચિત જ હોય છે, તેમ ઘોર નિષ્ફળતા બાદ તમારી સફળતા પણ નક્કી જ છે. લક્ષ્યને જ પોતાનું જીવનકાર્ય સમજો. દરેક ક્ષણે એવું જ ચિંતન કરો, તેનાં જ સ્વપ્નો જુઓ અને તેને જ સહારે જીવો.

સફળતાનું રહસ્ય
આપણે છીએ તો પરીક્ષા છે
- નટવર આહલપરા

માણસ કોઇ પણ કામ હાથમાં લે એટલે સદૈવ સફળ થાય એવું હંમેશ બનતું નથી. પરંતુ જેથી કરીને નિષ્ફળતાને ખભે બેસાડી જીવન જીવી શકાય નહીં. જે તમારા માર્ગને રોકનારું છે, નડતરરૂપ છે, જે અહિત કરનારું છે તેને તમે શા માટે પકડી રાખો શો? ફેંકી દો, એ વાતને એની જરૂર નથી. કારણ કે, એ નકામું છે અને તેને કાયમી વાતો સાથે સાંકળી શકાય નહીં.

માણસની માન્યતા જ તેની સફળતા કે નિષ્ફળતા માટે જવાબદાર હોય છે. કોઇ પણ કામ સફળ થશે જ તેવી શ્રદ્ધા સાથે કરવામાં આવે તો જરૂર સફળ થવાય. હતાશ મને હાથ ધરેલું કામ મહદ્ અંશે નિષ્ફળ જ જાય છે. શ્રદ્ધા એ તો સફળતા મેળવવાનું પ્રથમ સોપાન છે. જીવન એ એક રણમેદાન છે. એમાં જય-પરાજય તો આવતા જ રહે છે. એવા પરાજયથી માણસે હતાશ થઇને બેસી રહેવું જોઇએ નહીં.

અમેરિકાના પ્રમુખ અબ્રાહ્મ લિંકનથી માંડીને ઇંગ્લેન્ડના વડાપ્રધાન ડીઝરાયેલી અને ગ્લેડસ્ટનને તેમના જીવનમાં અનેક નિષ્ફળતાઓનો સામનો કરવો પડેલો.

આપણા દેશમાં ખુદ ગાંધીજીને પણ બ્રિટીશ હકૂમત સામેની લડતમાં ૧૯૨૦થી ૧૯૪૫ દરમિયાન અનેક નિષ્ફળતા અને દગાબાજીનો સામનો કરવો પડેલ. કિન્તુ આ બધા મહાપુરૂષો નિષ્ફળતાને સફળતા માટેનું એક વધુ સોપાન ગણીને પોતાના ધ્યેયની દિશામાં આગળ વધતા રહ્યા અને આખરે તેમણે સફળતા માટેનું એક વધુ સોપાન ગણીને પોતાના ધ્યેયની દિશામાં આગળ વધતા રહ્યા અને આખરે તેમણે સફળતાનાં ઉન્નત શિખરો સર કરી બતાવ્યાં.

'નિશાનચૂક માફ નહીં નીચું નિશાન'

જીવનમાં સફળતા મેળવવા માટે શિસ્ત, સંયમ અને ધગશ જેવા સદ્‌ગુણો વિકસાવવા ખૂબ જ આવશ્યક છે. સફળ થવા ઇચ્છતી વ્યક્તિએ શ્રદ્ધા અને આત્મવિશ્વાસ પણ કેળવવાં જોઇએ. કોઇ પણ કામમાં રૂચિનો અભાવ, એકાગ્રતાનો અભાવ અને અતિ સંવેદનશીલ સ્વભાવ એ નિષ્ફળતાંનાં કારણો બની શકે છે.

સફળતા મેળવવાનું એક સોનેરી સૂત્ર યાદ રાખવા જેવું છે. સતત પ્રયત્ન એ સફળતા મેળવવાની જડીબુટ્ટી છે. જેનો ઉપયોગ કરી કોઇ પણ વ્યક્તિ, કોઇ પણ ક્ષેત્રમાં ચોક્કસ સફળતાનાં શિખરો સર કરી શકે છે. યુવાન દોસ્તો, આપણે પણ સફળતા મેળવવા આજથી જ સંકલ્પ કરીએ.

'કર્મશક્તિ અને ઇચ્છાશક્તિ પ્રાપ્ત કરો, કઠિન પરિશ્રમ કરો
તો તમે નિશ્ચિતરૂપે સફળતાના લક્ષ્ય પર પહોંચી જશો.'

સંયુકત મિલ્કત વહેચણી વિભાજન અંગે સમજૂતી

સંયુકત મિલ્કતના વિભાજનમાં એક વખત વહેચણી થયેલ હોય તો તમામ મિલ્કતમાં થયેલ ગણાય

કુટુંબના વડિલ પોતાની હૈયાતિમાં કુટુંબની વડિલોપાર્જીત વારસાગત જમીનોની વહેચણી પોતાના કુટુંબના સભ્યો વચ્ચે કરી આપે અથવા કુટુંબના વડિલ વ્યકિતના અવસાન થવાને કારણે મરનાર વ્યકિતની વારસાઇ અંગેની કાર્યવાહી દરમ્યાન વારસદારો વચ્ચે સમજૂતી કરાર અથવા વારસાદારો પૈકી પુત્રીઓ પોતાનો હક્ક ભાઇઓની તરફેણમાં જતો કરે અથવા છોડી દે વિગેરે તબદીલી કે જયા નાણાકીય લેવડ દેવડ કુટુંબના સભ્યો વચ્ચે થયેલો ન હોય આવી કુટુંબની વ્યકિતઓની મિલ્કતની વહેચણીને કૌટુંબિક મિલ્કતની વહેચણી તરીકે ઓળખવામાં આવે છે આવી કૌટુંબિક વહેચણીનો કરાર કાયદા મુજબ રજીસ્ટ્રર હોવો ફરજીયાત નથી રૂા.૧૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર બિન અવેજી ફારગતી લેખ અગર તો સમજૂતી કરાર નોટરી રૂબરૂ કરવામાં આવ્યો હોય તો પણ કાયદેસરનો ગણવામાં આવે છે એક વખત સંયુકત મિલ્કતમાંથી પોતાનો હક્ક ઉઠાવી લે અગર તો બીજી વ્યકિતની તરફેણમાં જતો કરે તો ત્યારબાદ ભવિષ્યમાં સંયુકત મિલ્કતમાં જતો કરનાર વ્યકિતને લાગ ભાગ મળતો નથી તેમજ પુત્રીઓ કે દિકરીઓએ ભાઇના ભાગે હક્ક જતો કરેલ હોય તો તેમના દિકરા, દિકરીને પણ આવી સંયુકત મિલ્કતમાં હક્ક ભવિષ્યમાં મળતો નથી તેમજ એક મિલ્કતના વિભાજન વહેચણી કરારને અન્ય મિલ્કતમાં પણ સમાવેશ કરવામાં આવે છે ચોક્કસ મિલ્કતના વિભાજનમાંથી અમુક મિલ્કત બાકાત રાખવામાં આવી હતી તેવું સાબિત કરવાની જવાબદારી બોજો કે તકરાર ઉપસ્થિત કરનારે સાબિત કરવાનો હોય છે.

વાત કાનૂન કાયદાની...
- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com

એક વખત હકક ટાઇટલ અથવા દરજ્જાની વહેચણીના અર્થમાં વિભાજન સાબિત થાય તો તમામ સંયુકત મિલ્કતનું વિભાજન થયાનું અનુમાન કરી શકાય તેવું તાજેતરમાં નામદાર સુપ્રિમ કોર્ટે સીવીલ અપિલ નં. ૩૮૬૭/૧૪ ના કામે તારીખ : ૧૪/૩/૨૦૧૪ ના રોજ હુકમ કરી સદર સિધ્ધાંત સ્થાપિત કરેલ છે.

નામદાર કોર્ટે એવું જણાવેલ કે પક્ષકારો વચ્ચે સંપૂર્ણપણે વિભાજન થઇ ચુકયું હતું એવા ટાઇટલ કોર્ટના તારણો સ્વીકાર્યા બાદ હાઇકોર્ટે પુરાવાનો બોજો પ્રતિવાદીઓ ઉપર ઢોળવાની ભૂલ કરેલ જે સુપ્રિમ કોર્ટમાં નકારી એવા તારણ ઉપર આવેલ કે હાઇકોર્ટે ટ્રાયલ કોર્ટના એ તારણને ગ્રાહ્ય રાખ્યા છે કે પહેલા સંપૂર્ણપણે વિભાજન થયું હતું અને પક્ષકારોને તેનું પાલન કરેલ છે અને રેવન્યૂ રેકર્ડમાં આવી નોંધોની અસર આપી પ્રમાણિત કરવામાં આવે છે જેને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ એક વખત હક્ક ટાઇટલ અથવા દરજ્જાની વહેચણીના અર્થમાં વિભાજન સાબિત થાય અથવા તેને સ્વીકારવામાં આવે તો તે વખતનું અનુમાન એવું છે કે તમામ મિલ્કતોનું વિભાજન જે તે વખતનું થયેલ છે નિશંકપણે સંયુકત અને અવિભકત એ હિન્દુ કુટુંબની સામાન્ય શરત હોઇ સામાન્ય રીતે એવું અનુમાન કરવામાં આવે છે કે જયાં સુધી વિરૂધ્ધની હકિકત પુરાવા ના થાય ત્યાં સુધી દરેક હિન્દુ કુટુંબ એ સંયુકત અને વિભકત કુટુંબ છે અને તેની તમામ મિલ્કતો સંયુકત છે.

વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટે જણાવેલ છે કે આ કેસની સ્વીકારાયેલ હકિકતો ઉપર કોઇપણ પ્રકારને તેના પક્ષે કુટુંબના સંયુકતપણા અથવા અલગતાના સંબંધમાં કોઇ અનુમાન પ્રાપ્ત નથી તમામ હિત ધરાવતા પક્ષકારો પૈકીના એક પોતાની જાતને સંયુકત કુટુંબના અન્ય સભ્યોથી અલગ કરી લીધી હતી અને સંયુકત વિભાજનમાંથી તેનો હિસ્સો તેના માટે વિભાજીત કર્યો હતો તો એવું અનુમાન હોઇ શકે નહિ કે બાકીના સમાશિત કુટુંબ તરીકે ચાલુ રહ્યા હતા પુરાવા અને હકિકતો સાબીત કરવાનો પ્રશ્ન હિત ઉભો કરનારે કરવાનો રહે છે.

નોંધ : કાયદાની વધુ જાણકારી માટે તથા વાચકોના લાભાર્થે વેબસાઇટ www.advocateashvintrivedi.com જોવા વિનંતી.

જે હળવું હોય તે જ પ્રવાસ કરી શકે : પછી તે વાદળ હોય કે માણસ

પ્રસંગસર
- રમેશ તન્ના

પહેલી ડિસેમ્બર 'સવાઇ ગુજરાતી' કાકાસાહેબ કાલેલકરનો જન્મદિવસ છે. કોઇ પણ સારસ્વતને યાદ કરવાની સાચી રીત છે તેના વિચારો વાગોળવા અને પોતાની શક્તિ અનુસાર આચરણમાં મૂકવા. કાકાસાહેબ કાલેલકર બહુવિધ પ્રતિભાના માલિક હતા. તેમનામાં સાહિત્યકાર, ચિંતક, સંસ્કૃતિપુરૂષ, લોકશિક્ષક, કેળવણીકાર, કર્મશીલ ગાંધીજનનો સમન્વય થયો હતો. તેઓ મોટા ગજાના પ્રવાસી પણ હતા. પ્રવાસ વિશે ગુજરાતી ભાષામાં હજારો પુસ્તક લખાયાં છે પણ તેમાં કાકાસાહેબનું હિમાલયનો પ્રવાસ પુસ્તક શિરમોર ગણાય છે. પ્રવાસના ૧૪ વર્ષ પછી લખાયેલું આ પુસ્તક વર્ષોથી લોકો વારંવાર વાંચે છે.

કાકાસાહેબ કાલેલકર ઉત્તમ પ્રવાસી હતા તો શ્રેષ્ઠ પ્રવાસકાર પણ હતા. પ્રકૃતિનું સૌંદર્ય અને કાકાસાહેબની ગુજરાતી ભાષાનું સૌંદર્ય હળેમળે ત્યારે વાચક ન્યાલ ના થાય તો જ નવાઇ! ગુજરાતીઓ પ્રવાસી પ્રજા છે. ગુજરાતી માત્ર, પ્રવાસને પાત્ર. ગુજરાતી બે પાંદડે થવા સ્થળાંતર કરે તો બે પાંદડે થયા પછી પ્રવાસ કરે. જેમ વેપાર ગુજરાતીઓના લોહીમાં છે તેમ પ્રવાસ પણ તેમનાં સ્વભાવમાં છે. ગુજરાતીઓ ભારતનાં અનેક રાજયોમાં અને વિશ્વના અનેક દેશોમાં પ્રવાસનને ધમધમતું રાખે છે.

પ્રવાસી ગુજરાતી વિશે કાકાસાહેબનું નિરીક્ષણ કેવું છે? "સિંધીઓ અરધા પારસી જેવા દેખાય છે, પણ તીર્થક્ષેત્રમાં અત્યંત ભાવિકતા બતાવનારા અને ભક્તિથી ગળગળા થનારા યાત્રાળુઓમાં સિંધીઓનો પહેલો નંબર આવે. મહારાષ્ટ્રીઓ થોડા વખતમાં અને થોડા ખર્ચે વધારે જવાય અને કેટલાય પુણ્યનો સંચય થાય એ તરફ જ નજર રાખનારા હોય છે. ગુજરાતીઓ હંમેશા ખાવાપીવાની સગવડની શોધમાં ફરતા દેખાય છે અને બંગાળીઓ પોતાની ભક્તિનો ઉભરો આખી દુનિયાની નજરે બરાબર પડે એ વિશે વધારે ઉત્સુક હોય છે. મદ્રાસીઓ મોઢા ઉપરથી દેખાય છે હોશિયાર, પણ હિન્દી ન જાણતા હોવાને લીધે અને તેમનાં વિચિત્ર રિવાજ અને પોશાકને લીધે, રોઝ જેવા જયાં ત્યાં ફરતા દેખાય છે." (હિમાલયનો પ્રવાસ).

ચાણક્યએ કહ્યું છે કે જમવાનો આનંદ સૌથી મોટો હોય છે અને ગુજરાતીઓ કોઇ પણ સ્થિતિમાં જમવાના આ આનંદને માણે છે. નાસ્તા પાણી અને ખાણીપીણી (આ શબ્દને જેને જે અર્થમાં સમજવો હોય તે અર્થમાં સમજે) વગર પ્રવાસ થાય જ કેવી રીતે? ગુજરાતીઓ પ્રવાસમાં જાય ત્યારે કુલ સામાનમાંથી અડધો સામાન તો નાસ્તા અને ખાણીપીણીનો હોય. થેપલાં અને ઢેબરાં જેવી વાનગીઓ તો ગુજરાતીઓના પ્રવાસ માટે જ શોધાઇ હશે!

સાવ એવું નથી કે ગુજરાતીઓ પ્રવાસમાં માત્ર જમવા સિવાય બીજું કશું કરતા નથી. ફોટા પાડે છે અને પડાવે પણ છે.

પ્રવાસનું મહત્ત્વ સમજીને ફરતા ગુજરાતીઓ ખરેખર પ્રવાસ શા માટે કરવો જોઇએ અને કેવી રીતે કરવો જોઇએ તે જાણી લે તો પ્રવાસનો પૂરેપૂરો લાભ લઇ શકે. એમાં કાકાસાહેબ કાલેલકર કામ આવી શકે તેમ છે. જન્મે મહારાષ્ટ્રીયન પણ કર્મે સવાઇ ગુજરાતી કાકાસાહેબ કાલેલકરના પ્રવાસ વિશેના વિચારો અને અનુભવો પ્રત્યેક ગુજરાતીએ જાણવા જેવા અને શક્ય હોય તો અમલમાં મૂકવા જેવા છે.

'તમે આટલા પ્રવાસો કેમ કરો છો? કોઇકે અઠંગ પ્રવાસી કાકાસાહેબ કાલેલકરને આ પ્રશ્ન પૂછ્યો તો તેમની પાસેથી જવાબ મળ્યો : 'હું ઝાડપેટ જેવો સ્થાવર નથી. પશું, પક્ષી અને બીજાં પ્રાણીઓની પેઠે જંગમ છું, તેથી, ઇશ્વરે મરે દૂર સુધી જોવા માટે બે આંખો આપી છે તે ફક્ત જોવા માટે નથી, પણ બનતાં સુધી જે જોયું ત્યાં જવા માટે. એમ ન હોત તો કુદરત કહો કે કુદરતનો સ્વામી ભગવાન મને બે પગ આપત નહિ.'

આગળ તેઓ કહે છે, 'કુદરતે માણસને બે પગ આપ્યા છે, આંખો આપી છે અને ભેજું આપ્યું છે એટલા માટે જ માણસે જીવે ત્યાં સુધી સ્થળાંતર કરવું જોઇએ, મુસાફરી કરવી જોઇએ. કોઇ ખાસ ઉદ્દેશ હોય કે નહિ, પગ છે એ માટે જ માણસે યાત્રા કરવી જોઇએ. જેમને હાથેય નથી અને પગેય નથી એવાં કીડીઓ અને સાપ પણ હંમેશા મુસાફરી કરે છે.'

મહાભારતમાં એક શિયાળ માણસને પૂછે છે : 'ભગવાને તમને હાથપગ આપ્યા છે (છતાં) તમે બેઠા રહો છો? વિસામણમાં પડી હારી કેમ જાઓ છો?'

હસ્તપાદાદિ સંયુક્તા (:) યૂયં કિમ્ અવસીદશ

બોલો, શિયાળવાં પણ આવી રીતે મહેણાં મારે ત્યાં સુધી માણસ ઘરખો બને તો એની આબરૂ જ જાય ને? એટલે જ કહું છું કે પગ છે એટલા ખાતર જ મુસાફરી કરું છું. બીજું કારણ જોઇતું નથી.'

કાકાસાહેબ પ્રવાસને કેળવણીનું મહત્ત્વનું અંગ કે સાધન ગણે છે. એક વખત ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓને તેમણે કહ્યું હતું, 'તમારા દેશના પહાડો, નદીઓ, સરોવરો, મોટાં મોટાં જંગલો, રેગિસ્તાનો, વિશાળ સમુદ્ર કિનારાઓ, યાત્રાનાં સ્થળો, જૂના-નવાં શહેરો અને કુદરતને ખોળે વસેલાં અને ખેતીને કારણે ખીલેલાં ગામડાંઓ જોયા વગર અને ત્યાંનો આનંદ લૂંટ્યા વગર તમારી કેળવણી પૂરી થઇ છે એમ હું ન માનું.' વિદ્યાર્થીઓને તેઓ કહે છે, 'ભગવાને આંખો આપી છે માત્ર ચોપડીઓ વાંચવા માટે નહિ, પણ વિશાળ વિશ્વનું દર્શન કરવા માટે અને પગ આપ્યા છે તે પલાંઠી વાળીને બેસવાની સગવડ માટે નહિ, પણ દેશનો આખો વિસ્તાર પગતળે આણવા માટે.'

કાકાસાહેબ કાલેલકર એક અદ્‌ભૂત વાત કરે છે : માતૃભૂમિનાં અનેક સ્થળોનું અનેક રીતે દર્શન કરી એમનું વર્ણન કરવું એ એક પૂજાનો પ્રકાર જ છે.

તેઓ કહે છે, 'જે માણસની વૃત્તિઓ વિકૃત થઇ નથી એ માણસ માટે મુસાફરીની પ્રેરણા પણ એટલી જ સ્વાભાવિક છે. વરસાદ પડ્યો એટલે જેમ ગોધો પોતાનાં શીંગડાં વતી જમીન ખોદીને સૂંઘવા માંડે છે તેમ પ્રવાસે ઊપડવાની તક પેદા થઇ એટલે કુદરતી માણસ પગ વગર પૂછ્યે ચાલવા માંડે છે.' કાકાસાહેબ માને છે કે હરવું એ ખાવું, ઊંઘવું, બીવું, પરણવું આદિ ક્રિયાઓ જેવી જ સ્વાભાવિક ક્રિયા છે.

પ્રવાસના મહત્ત્વને કાકાસાહેબ ઇતિહાસ સાથે પણ જોડે છે : આર્ય શબ્દ ઋ ધાતુ ઉપરથી આવ્યો છે. ઋ એટલે ચાલવું. આપણા પૂર્વજો એશિયા-યુરોપમાં ફેલાયા હતા. આફ્રિકામાં ગયા હતા. તેમણે હિન્દ મહાસાગર, પ્રશાંત મહાસાગર ઓળંગ્યા હતા તેના પૂરાવા મળી આવે છે. ભારતીય સંસ્કૃતિમાં 'ત્રણ વર્ષની યાત્રા કર્યા વગર ભણતર પૂરું થાય નહિ અને પરણવાનો અધિકાર મળે નહિ' એવી સ્થિતિ હતી, પરંતુ એક સમય એવો આવ્યો કે હિન્દુસ્તાનમાં મુસાફરીની ઘોર નિંદા થવા માંડી.

મુસાફરીની ઘોર નિંદા કરી આપણે અટક્યા નહિ. આપણે ભલે અફઘાનિસ્તાનને રસ્તે ભારત આવ્યા, પણ હવે એ રસ્તે પાછા ન જવાય, પશ્ચિમમાં માણસ આગળ જાય નહિ એટલે સરહદ પરના એક શહેરને નામ આપ્યું 'અટક'. (એટલે કે અહીં 'અટકો'). ભારતના આર્યો માટે સમુદ્ર યાત્રા નિષિદ્ધ થઇ. હોડીમાં બેસી સમુદ્રયાત્રા કરનાર સંધ્યાપૂજા ન કરી શકે, શુદ્ધ આહાર પણ મેળવી ન શકે.

કાકાસાહેબ કહે છે કે પ્રવાસનિષેધથી આપણો પુરૂષાર્થ હણાયો. તાર્કિક શાસ્ત્રદૃષ્ટિ જીવનવિહોણી થઇ. આપણે અંદર અંદર સડી ગયા અને મુસાફરી ન કરનારા આપણે એકતા અને સ્વતંત્રતા ખોઇ.

કાકાસાહેબ પ્રવાસની એક સરસ વ્યાખ્યા કરી છે. તેઓ કહે છે : પ્રવાસ એટલે સગવડો વેઠવાની બાદશાહી ઢબ. મોં બગાડી, મન ખાટું કરીને નાછૂટકે (પ્રવાસમાં) અગવડ સહન કરવી અને બાદશાહી ઢબથી અગવડ વેઠવી એ બેમાં ફરક છે. (કાકાસાહેબે અગવડો શબ્દ પ્રયોજ્યો છે તે જો કે યોગ્ય નથી, અગવડ શબ્દનું બહુવચન અગવડ જ થતું હોવાથી તેમણે અગવડ શબ્દ જ વાપરવો જોઇતો હતો. એમ તો તેમણે પોતાના 'હિમાલયનો પ્રવાસ' અને 'જીવનલીલા' પુસ્તકોમાં ઝાડનું બહુવચન ઝાડો કર્યું છે તે પણ મામૂલી સરતચૂક છે.) કાકાસાહેબ તો કહે છે : 'મુસાફરીમાં અગવડ આવવાથી માણસને એમ નથી થતું કે આપણા દારિદ્રનું એ એક પ્રતીક છે, તેને તો થાય છે આપણને સૂઝશક્તિ કેળવવાની તક મળી છે. એક રીતે જોતાં પ્રવાસ એ વ્યક્તિના વિકાસનું સાધન છે, જયારે બીજી રીતે જોતાં એ દેશભક્તિનો એક અનુભવ - તરબોળ પ્રકાર છે.'

તેઓ કહે છે : જેટલો દેશ આપણે જોયો, તપાસ્યો, પોતાનો કર્યો તેટલી દેશ પ્રત્યે આપણી વિશિષ્ટ લાગણી કેળવાય છે. એની સાથે આત્મયીતા બંધાય છે. એને વિશે અભિમાન અથવા ભક્તિ પેદા થાય છે. આપણે એના ભક્ત બનીને છીએ. કોઇ પણ પ્રાંતની મુસાફરી કરી આવ્યા પછી અખબારોમાં વાંચતાં ત્યાંના સમાચારો પ્રત્યે આપણી કેટલી બધી આસ્થા બંધાય છે!'

આદર્શ પ્રવાસી બનવાના ગુણ વર્ણવતાં કાકાસાહેબ કહે છે, 'માણસ જેમ વધારે નિઃસ્પૃહ, નિરાગ્રહી અને નિઃસ્વાર્થી તેમ તે પ્રવાસમાંથી વધારેમાં વધારે સંસ્કારીતા લૂંટી શકે છે. ભક્ત કે સેવક જયારે પ્રવાસે ઊપડી છે ત્યારે આત્માનુભવ, આત્મવિકાસ અને આત્મઐક્ય ત્રણેય વાનાં વધતાં જાય છે.'

તેઓ આગળ કહે છે કે, 'પ્રવાસી જેમ જેમ પ્રવાસ કરતો જાય છે તેમ તેમ તે કુનેહ કેળવે છે, ધીરજ અને ઉદાસીનતા કેળવે છે અને અંતે સારામાં સારો સમાજશાસ્ત્રી બને છે.'

કાકાસાહેબ આજન્મથી પ્રવાસી હતા એટલે ઉત્તમ કેળવણીકાર અને સમાજશાસ્ત્રી પણ બની શક્યા. 'હું તો એક જીવનભરનો રખડું છું, કુદરતઘેલા તરીકે પોતાને ઓળખવાતાં મને સંકોચ કે વાંધો નથી.'

વિષ્ણુકુમાર ત્રિવેદીએ કાકાસાહેબને ઇન્ટેલેક્ટ વેગાબોન્ડ (રખડુ મનિષી)ની ઓળખ આપી હતી. પ્રવાસવર્ણનમાં તેમની તોલે આવે તેવા સાહિત્યકાર ગુજરાતી ભાષામાં ભાગ્યે જ કોઇ છે. ગુજરાતી સાહિત્યમાં પ્રકૃતિને જોવાની નવી દૃષ્ટિ આપનાર તેમ જ પ્રકૃતિ અને માનવની એકતા લક્ષમાં રાખીને તેનું નિરૂપણ કરનાર પ્રથમ કાકાસાહેબ જ હતા.

કાકાસાહેબે લખ્યું છે, 'જે માણસ મુસાફરીએ ઉપડ્યો એણે ઘણી વસ્તુઓનો પરિગ્રહ ટાળ્યે છૂટકો. જે હળવો ન થઇ શકે તે મુસાફરી કરી જ ન શકે. પછી એ વાદળું હોય કે માણસ. એને પ્રવાસ દ્વારા મેળવેલા જ્ઞાન, સંસ્કાર કે આવડત એવાં તો પછી જાય છે કે એનો બોજો કે પરિગ્રહ જણાતો જ નથી.' કાકાસાહેબની આ શીખ આત્મસાત્ કરીને દોડાદોડની જિંદગીમાં પ્રવાસ એક નવી ભાત પાડી શકે.

'પ્રવાસ એટલે કેવળ ટુરિસ્ટ બનીને ભમવું એમ નહિ, પણ સમાજના પ્રત્યેક રૂઢિગત રિવાજો, સંસ્થાઓ અને સમાજના પ્રશ્નોનું નિરાકરણ કરવું. એવા ગુણદોષનું ચિંતન-મનન કરવું એનું નામ પ્રવાસ.' કાકાસાહેબના મતે પ્રવાસી અભ્યાસદૃષ્ટિ, સાહસિકતા કૌતુક અને સમભાવ જેવા ભાવો હોવા જોઇએ. તેઓ વધુમાં કહે છે, 'પ્રવાસ એટલે પ્રસાસની ભૂમિ અને એ ભૂમિના લોકોનો પરિચય કેળવવો અને તે રીતે પોતાના વ્યક્તિત્વનો વિકાસ સાધવો.'

ગુજરાતીઓ પારાવાર પ્રવાસ કરનારા છે. પહેલા ગુજરાતીઓ માઉન્ટ આબુ સુધી જતા, પછી તેઓ ઉદેપુર, જોધપુર, જયપુર અને જેસલમેર સાથેના રાજસ્થાનના એવા હેવાયા થયા કે દિવાળી જેવા તહેવારે તો અડધું ગુજરાત તમને રાજસ્થાનમાં મળે! તમારે કોઇને મળવું હોયતો તેમના ઘરે ના મળે, રાજસ્થાનમાં મળી જાય. એ પછી ગુજરાતીઓએ પ્રવાસી તરીકે લોનાવાલા, મહાબળેશ્વર સર કર્યા. કેરાલા અને કાશ્મીરને પણ કબજે કર્યું. સિમલા અને મનાલી પણ રૂટમાં લઇ લીધાં. હિમાલયની ચારધામ સાથેની યાત્રા હોય કે અન્ય યાત્રાઓ હોય, ગુજરાતીઓ પચાસ ટકાથી વધારે જ હોય, અને પછી તો યુરોપ દર્શન, દુબઇ, સિંગાપોર, મકાઉ, અમેરિકા કે ઓસ્ટ્રેલિયા... જયાં જયાં ફરવાનું સ્થળ હોય, ગુજરાતીઓ અવશ્ય નજરે પડે. આવી સતત ફરનારી ગુજરાતી પ્રજા જો દૃષ્ટિ કેળવીને પ્રવાસ કરે તો કાકાસાહેબના આત્માને તો સારું લાગે જ, ગુજરાતીઓને પોતાને પણ ઘણો ફાયદો થાય. (અને હા, ગુજરાતી ફાયદાપ્રધાન પ્રજા છે.)

તુલસીપત્ર :

**'આંખો ઘેરાઇ હતી. હૈયું છલોછલ ભરાયું હતું. ભેજું વિચારોની ભીડને કારણે નક્કર બન્યું હતું અને પગ પીધેલાં માણસ જેવા જેમ તેમ પડતા હતા એ શરીરનો થાક નહોતો,